# પાણી જયાં જયાં પહોંચે ત્યાં જીવતંતાનો સંચાર થાય છે

## ગુજરાતના અભૂતપૂર્વ જળ વ્યવસ્થાપનનો ઇજનેરી કોલેજીસના અભ્યાસક્રમમાં સમાવેશ કરવા પ્રધાનમંત્રીનો અનુરોધ : મોડાસામાં ૭૫ કરોડના ખર્ચે સાકાર થનાર આઇકોનિક બસ પોર્ટનું ખાતમુહૂર્ત

ગાંધીનગર, તા. ૩૦

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું છે કે પાણી જયાં જયાં પહોંચે છે ત્યાં જીવંતતાનો સંચાર થાય છે અને નિર્જીવતાનો અંત આવે છે. એટલે જ ભાજપાએ ગુજરાતમાં શાસનના પ્રારંભથી જ એકસૂત્રતા સાથે ટેકનોલોજીનો વિનિયોગ કરીને જળક્રાંતિ આણી છે. ૫૫ માળના મકાનની ઉંચાઇ સુધી નદીને લઈ જઈને અને મારૂતીકાર ચલાવી શકાય એટલી જંગી અને મોકળી જળ પાઈપ લાઈન બિછાવીને ગુજરાતે જે મીરેકલ કર્યો છે એ અદભૂત જળ વ્યવસ્થાપનનો સમાવેશ ઈજનેરી કોલેજીસના પાઠયક્રમમાં કરવા પ્રધાનમંત્રીએ અનુરોધ કર્યો હતો.

પ્રધાનમંત્રીએ સન ૨૦૨૨ સુધીમાં દેશના ખેડૂતોની આવક બમણી કરવાનો સંકલ્પ ભારત સરકાર સાકાર કરશે જ એવો આત્મવિશ્વાસ વ્યકત કરવાની સાથે, ખેડૂતોને પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અને કિસાન સંપદા યોજનાઓનો પૂરેપૂરો લાભ લેવા દેશના ખેડૂત સમુદાયને હાકલ કરી છે.

પ્રધાનમંત્રીએ અરવલ્લી જિલ્લાના દેવની મોરી ખાતે મળી આવેલા બુદ્ધકાલીન અવશેષોના સમૃદ્ધ ઈતિહાસ વારસા માટે ગૌરવની લાગણી વ્યકત કરવાની સાથે, અરવલ્લી જિલ્લામાં ભગવાન બુદ્ધનુ ભવ્ય સ્મારક પેગોડા બનાવવાની ખેવના વ્યકત કરી હતી અને લોક સહયોગથી આ સંકલ્પ સાકાર કરવાનો મક્કમ નિર્ધાર વ્યકત કર્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ગુજરાત સરકારના પાણી પુરવઠા બોર્ડ દ્વારા બનાવવામાં



આવેલી વાત્રક, માઝુમ અને મેશ્વો જળાશય આધારિત રૂ.૫૫૨ કરોડની પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ કર્યુ હતું. તેની સાથે અરવલ્લી જિલ્લાને કુલ રૂ.૬૭૪ કરોડના વિવિધ વિકાસ કામોની ભેટ મળી હતી. પ્રધાનમંત્રીએ મોડાસામાં રૂ. ૭૫ કરોડના ખર્ચે સાકાર થનાર આઈકોનીક બસ પોર્ટનું મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મંત્રીમંડળના સદસ્યો અને સાંસદો, ધારાસભ્યોની ઉપસ્થિતિમાં ખાતમૂર્હૂર્ત કર્યું હતું.

ખૂબ જ ભાવુક થઈ ગયેલા પ્રધાનમંત્રીએ સભામંચની ચારેકોર ફરીને લોક અભિવાદન ઝીલ્યુ હતુ અને કાર્યક્રમના અંતે લાગણીશીલતા સાથે લોકોની વિદાય માંગી ત્યારે સમગ્ર સભામંડપ સંવેદના સભરતાથી છલકાયો હતો.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે મૂળ નર્મદા યોજનામાં અરવલ્લી જિલ્લાને પાણી આપવાની વાત જ ન હતી. પરંતુ સમગ્ર ગુજરાતને નર્મદા જળ ઉપલબ્ધ કરાવવાની સંકલ્પશીલતાના ભાગરૂપે આ જોગવાઈ ઉમેરવામાં આવી છે. આટલી મોટી પાણી પુરવઠા યોજનાઓનો ઘરઆંગણે મળેલો લાભ એ જીવનની તમામ દિવાળીઓના આનંદનો સરવાળો કરવા જેવો અવસર છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે જયાં માનવી ત્યાં સુવિધાના ધ્યેય મંત્ર સાથે રાજય સરકારે ગુજરાતના ખુણે ખુણે પીવાનું શુદ્ધ પાણી પહોંચાડી લોકોની આશા આકાંક્ષાઓ પરીપૂર્ણ કરી ગુજરાત ઓનફાસ્ટટ્રેક અને નિર્ણાયક સરકારની પ્રજાને અનુભૂતિ કરાવી છે.

આ અવસરે પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી, નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મહેસુલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, આદિજાતિ મંત્રી ગણપતભાઈ વસાવા, કૃષિમંત્રી ચીમનભાઈ સાપરિયા, પાણી પુરવઠા રાજય મંત્રી જશાભાઈ બારડ, વાહન વ્યવહાર રાજયમંત્રી વલ્લભભાઈ કાકડીયા, રાજય મંત્રી મંડળના સદસ્યો, સંસદીય સચિવો, પક્ષ અગ્રણી જયસિંહ ચૌહાણ, કે.સી.પટેલ, પદાધિકારીઓ, પાણી પુરવઠા બોર્ડના ઉચ્ચ અધિકારીઓ, કલેકટર શાલીની અગ્રવાલ, જિલ્લા ઉચ્ચ અધિકારીઓ સહિત વિશાળ સંખ્યામાં અરવલ્લી સાબરકાંઠા જિલ્લાના નાગરિકો ઉપસ્થિત રહયા હતા.

# પર્યાવરણ દિને ટાઉનહોલમાં થયેલી મારમારી પ્રકરણમાં ક્રોસ ફરિયાદ

## મનપાનાં કાર્યક્રમમાં મારામારી થઇ હતી : સફાઇ કામદારે સુપરવાઇઝર સામે ક્રોસ ફરિયાદ આપી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર મહાનગર પાલીકા દ્વારા ૫મી જુન પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત ટાઉનહોલ ખાતે કાર્યક્રમ રાખ્યો હતો. આ કાર્યક્રમમાં ચાલુ ફંકશને પાણી પીવા જવાને મામ્લે મનપાનાં સફાઇ કામદારો અને સુપરવાઈઝર વચ્ચે મારામારી થતા સુપરવાઈઝરે પોલીસ ફરિયાદ કરી હતી. આ પૈકીના એક સફાઇ કામદારે સુપરવાઈઝર સહિત ચાર શખ્સો સામે ક્રોસ પોલીસ ફરિયાદ આપી છે. સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરી તટસ્થ તપાસ શરુ કરી છે.

પર્યાવરણ દિનની ઉજવણી ગાંધીનગર મહાનગર પાલીકા દ્વારા સે-૧૭ ટાઉનહોલ ખાતે કરવામં આવી હતી. ચાલુ કાર્યક્રમે કેટલાક મનપાનાં કેટલાક સફાઇ કામદારો પાણી પીવા નિકળ્યા ત્યારે સુપરવાઈઝરે ઠપકો આપતા માથાકુટ થઇ હતી અને મામલો મારામારી સુધી પહોંચી જતા સુપરવાઈઝરે સફાઇ કર્મીઓ સામે ગુનો પણ નોંધાવ્યો હતો. આ જ પ્રકરણમા ક્રોસ ફરિયાદ નોંધાવા પામી છે. સફાઇકર્મી પ્રહલાદભાઇ ખેંગારભાઇ રાઠોડે સુપરવાઇઝર નિતિન રાઠોડ, તેજસ ભાવષાર, સુનીલ સોલંકી અને મનોજ પરમાર સહિત ચાર શખ્સો સામે ફરિયાદ આપતા પોલીસે આઇ.પી.સી કલમ ૩૨૩, ૫૦૪. ૫૦૬(૨), ૧૧૪ તથા એટ્રોસીટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી ઉંડી તપાસ હાથ ધરી છે.







પ્રચારનો પ્રારંભ : રાષ્ટ્રપતિ પદ માટેના વિરોધ પક્ષના ઉમેદવાર સુશ્રી મીરાંકુમારે ગાંધી આશ્રમ ખાતે ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી તથા ચરખો કાંતી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. ત્યારબાદ પ્રેસ કોન્ફરન્સને પણ સંબોધી હતી. આ સમયે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી અને વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા સહિત અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

# છાલામાં વિજ કરંટથી ભેંસનું મોત

## પશુપાલક ભેંસ ચરાવવા નિકળ્યા ત્યારે વિજ પોલને અડકી જતા ભેંસનુ મોત થયુ

ગાંધીનગર, તા.૩૦

ચિલોડા નજીક આવેલા છાલા ગામમાં રહેતા એક



પશુપાલક આજે સવારે તેમની ભેંસ લઈને ચરાવવા નિકળ્યા હતા ત્યારે એક વિજ થાંભલા સાથે ભેંસ અડકી જતા ભેંસનું કરંટ લાગવાથી સ્થળ પર જ મોત થઈ ગયુ હતુ. આ મામલે પશુપાલકની ફરિયાદને આધારે ચિલોડા પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

ચિલોડા-હિંમતનગર હાઈવે પર આવેલા છાલા ગામમાં રહેતા પશુપાલક કાળાજી ભુરાજી ઠાકોર આવે અગિયારેક વાગ્યાના અરસામાં તેમની ભેંસને ચરાવવા લઈને નિકળ્યા હતા. થોડે આગળ પહોંચ્યા ત્યારે એક ખેતર નજીક એક વિજ થાંભલે ભેંસ તેનુ માથુ ઘસવા પહોંચી ગઇ હતી. વરસાદી માહોલમાં વિજ થાંભલામાંથી કરંટ લાગતા ભેંસ થાંભલે ચોંટી ગઇ હતી. જમીન પર પટકાયેલી ભેંસ તરફડીયા મારીને ત્યાંજ મોતને ભેટી પડી હતી. ભેંસનાં મોત અંગે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

# રમતને જીંદગીનો હિસ્સો બનાવીએ : મોદી

## વડાપ્રધાન દ્વારા ખેલમહાકુંભ-૨૦૧૭નુ ઉદ્‌ઘાટન : વડાપ્રધાન મોદી દ્વારા અમદાવાદમાં ટ્રાન્સ સ્ટેડિયા સ્ટેડિયમનું પણ ઉદ્‌ઘાટન આ વખતે ફીફા વર્લ્ડકપ ભારતમાં યોજાશે : મોદીએ લોકોને રોમાંચિત કર્યા

રમત એ જીંદગી જીવતા શીખવાડે છે અને તેથી રમતગમત(સ્પોર્ટસ)ને જીંદગીનો હિસ્સો બનાવો. આપણા દેશનું







બાળપણ વીડિયોગેમમાં વેડફાઈ રહ્યું છે પરંતુ જો રમતગમત પરત્વે તેને દિશા આપી દેવાય તો, તે રમતગમત ક્ષેત્રે કાઠુ કાઢી શકે છે. ક્રિકેટ સિવાયની એવી અનેક રમતો છે, તેમાં ભારત મહારથ હાંસલ કરી શકે છે અને ફુટબોલ તેમ જ હોકી તે પૈકીની લોકપ્રિય રમતો છે. ફીફા વર્લ્ડકપને લઈ હું આશાવાદ છું અને આ વખતનો ફીફા વર્લ્ડકપ ભારતમાં જ યોજાશે એમ અત્રે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. કાંકરિયા ખાતે રૂ.૫૦૦ કરોડના ખર્ચે પીપીપી મોડેલ હેઠળ તૈયાર થયેલા ટ્રાન્સ સ્ટેડિયા સ્ટેડિયમનું પણ ઉદ્‌ઘાટન કરતાં મોદીએ આ પ્રમાણે જણાવ્યું હતું. વડાપ્રધાને ટ્રાન્સ સ્ટેડિયા સ્ટેડિયમના ઉદ્‌ઘાટનની સાથે સાથે ખેલ મહાકુંભ-૨૦૧૭નો પ્રારંભ પણ કરાવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, રમતગમતના કૌશલ્ય અને પ્રતિભાને ઉત્તેજન આપવા ભારત સરકાર કટિબધ્ધ છે. સમગ્ર દેશમાં ખેલે ઈન્ડિયા અભિયાન ચલાવી સ્પોર્ટસ ક્ષેત્રે જાગૃતિ જગાવાશે. સ્પોર્ટસ એ દેશની સામાજિક વિરાસત છે. ન્યુ ઈન્ડિયા મારી સામે છે અને રમવું એ પણ એક પ્રકારની દેશ સેવા જ છે. રમતગમતને જીવનનો હિસ્સો બનાવવા ઉદ્યોગજગત, સરકારો, સમાજ અને લોકોએ આગળ આવે. તેમણે વધુમાં ઉમેર્યુ કે, સપના જોવાનું સામર્થ્ય હોય તો દુનિયા કેવી રીતે બદલી શકાય છે તે અહીં જોઇ શકાય છે. ભારતમાં પણ હવે સ્પોર્ટસ ક્ષેત્રે સુવિધાઓ વિકસી રહી છે, જે આપણા ખેલાડીઓ વિદેશમાં જોતા હતા. જરૂરી નથી કે, બધા ઈન્ટરનેશનલ ખેલાડી બને પરંતુ જરૂરી છે રમતગમતની ભાવના કેળવે. તેમણે સ્વીકાર્યુ કે, ખેલાડીઓને સમાજમાં ઉપેક્ષાનો ભોગ બનવુ પડે છે. લોકો કહે છે કે, વિજય પચાવતા શીખવું જોઈએ પરંતુ પરાજયને કેવી રીતે પચાવી શકાય તે ખેલાડીઓમાં મેં જોયું છે. ખેલ મહાકુંભના મીશનને બિરદાવતાં વડાપ્રધાને જણાવ્યું કે, આ ખેલમહાકુંભનું પરિણામ છે કે, ગુજરાત ૧૦ ગોલ્ડ મેડલ લઈને આવ્યું છે. ખેલ મહાકુંભ થકી સ્પોર્ટસ ક્ષેત્રે નવી નવી અને બહુમૂલ્ય પ્રતિભાઓ દેશને મળશે. આ એક એવો મંચ છે જેના મારફતે ખેલાડી પોતાના સપના સાકાર કરી શકે છે.

### આજથી અમલી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલાક વર્ગના લોકો જીએસટીના અમલીકરણને લઈને વિરોધ પણ કરી રહ્યા છે અને આને વધુ થોડાક સમય સુધી ટાળી દેવાની રજૂઆત કરી રહ્યા છે. આવતીકાલથી જીએસટી વ્યવસ્થા અમલી બન્યા બાદ સમગ્ર દેશ અલગ રીતે નજરે પડશે. સ્વતંત્રતા બાદ દેશમાં સૌથી મોટા સુધારા તરીકે જીએસટીને ગણવામાં આવે છે. જેની સીધી અસર સામાન્ય લોકોના ખિસ્સા પર પણ પડનાર છે. જીએસટી હાલમાં પેદાશો અને સર્વિસ પર હાલમાં લાગુ થયેલા મોટી સંખ્યામાં કેન્દ્ર અને રાજ્યોના કરવેરા, જેમાં વેલ્યુ એડેડ ટેક્સ અને કેન્દ્રિય વેચાણ વેરા સામેલ છે તેની જગ્યા લેશે. જીએસટી વ્યવસ્થા અમલી બની ગયા બાદ સમગ્ર દેશ એક સિંગલ કોમન માર્કેટમાં ફેરવાઇ જશે. આના કારણે રાજ્યોની સરહદની આપપાન ાકારોબાર ખુબ સરળ બની જશે. પેદાશો અને સર્વિસ વધારે સરળ બની જશે. જીએસટી વ્યવસ્થા અમલી બની ગયા બાદ દેશના જીડીપીમાં ૧.૫ ટકાથી લઈને બે ટકા સુધીનો સુધારો થઈ જશે. હાલમાં સર્વિસ ટેક્સથી મુક્ત તબીબી અને શિક્ષણ જેવી સેવાને જીએસટીની હદથી બહાર રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આવી જ રીતે ખાદ્યાન ચીજવસ્તુઓ, શાકભાજી, દુધ અને અન્ય કેટલીક વસ્તુઓ પર જીએસટી લાગુ થનાર નથી.

### સૌથી વધુ અસર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચુકવણી કરવી પડશે. હોટલમાં ભલે કેટલાક દિવસથી રોકાયેલી વ્યક્તિ છે પરંતુ હોટલ છોડતી વેળા રાત્રે ૧૨ વાગી જાય છે તો જીએસટીની ચુકવણી કરવી પડશે. જીએસટી અમલી બની ગયા બાદ બિલમાં સર્વિસ ટેક્સ અને લકઝરી ટેક્સ જેવા સ્થાનિક કરવેરાની જગ્યાએ જીએસટી લાગૂ થશે. હોટલ બુક કરાવતી વેળા જ એડવાન્સમાં પેમેન્ટ કરવામાં આવ્યું છે તો જીએસટી આપવાની જરૂર રહેશે નહીં. જીએસટી કાઉન્સિલે નિર્ણય કર્યો છે કે, ૧૦૦૦ રૂપિયા પ્રતિદિવસ સુધીના ભાડાવાળી હોટલોથી ટેક્સ લેવામાં ન આવે. ૨૦ લાખ રૂપિયાના ટર્નઓવરની લિમિટથી નીચે વાળાને પણ જીએસટીમાં રાહત આપવામાં આવી છે. તેમને મોડેથી ટેક્સ ડિપાર્ટમેન્ટથી રિફંડ ક્લેઈમ કરવાના રહેશે. ઓનલાઈન શોપિંગ મામલામાં સસ્તાની શોધમાં રહેલા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. કારણ કે જીએસટી લાગૂ થયા બાદ તેમાં ખર્ચ વધશે.

### યાત્રા રદ કરાઈ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત ચીન સરહદ આવેલી છે. અરુણાચલમાં દલાઈ લામાની યાત્રાથી પણ બેજિંગ લાલઘૂમ થયું હતું. સિક્કિમ સરહદ પર ચીન અને ભારતીય સૈનિકોની વચ્ચે ખેંચતાણની ઘટના વચ્ચે ચીને ગઈકાલે સરહદ પર તંગદીલી વચ્ચે ધમકી આપી હતી કે જ્યાં સુધી ભારત તેની સેનાને હટાવશે નહી ત્યાં સુધી તેની સાથે વાતચીત કરવામાં આવશે નહી. હચમચી ઉઠેલા ચીને સરહદની નજીક તિબેટમાં એક હળવા વજનાવાળા યુદ્ધ ટેન્કનુ પરિક્ષણ પણ કર્યુ હતું. ચીનના ગઈકાલના નિવેદન બાદ જ માનવામાં આવી રહ્યું હતું કે, કૈલાશ માનસરોવર યાત્રા આગળ વધી શકશે નહીં અને આજે ધારણા પ્રમાણે જ નાથુલા માર્ગ મારફતે કૈલાશ માન સરોવરની યાત્રાને રદ કરવાનો નિર્ણય કરાયો હતો. સિક્કિમમાં ડોંગલોંગમાં બન્ને દેશોની સેના વચ્ચે હાલમાં ધક્કામુક્કી પણ થઈ ચુકી છે. ડોકા લાને ચીન પોતાના વિસ્તાર તરીકે ગણે છે.

### પ્રતિબંધ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત અને અમેરિકા વચ્ચે હાલમાં જ સફળ વાતચીત થઈ ચુકી છે. પાકિસ્તાન ઉપર દિન પ્રતિદિન દબાણ વધારવામાં આવી રહ્યું છે. અમેરિકાએ હાલમાં જ કહ્યું હતું કે, જો પાકિસ્તાન કાર્યવાહી નહીં કરે તો ત્રાસવાદીઓ સામે પગલા લેવામાં આવશે. પાકિસ્તાને હાલમાં જ ૫૦૦૦થી વધુ શકમંદ ત્રાસવાદીઓના ખાતાઓ ફ્રીઝ કરી દીધા હતા. મોદી અને ટ્રમ્પ વચ્ચેની વાતચીત બાદથી એમ માનવામાં આવી રહ્યું હતું કે, પાકિસ્તાન સામે કઠોર કાર્યવાહી કરવામાં આવશે અને પાકિસ્તાને વિશ્વ સમુદાયને ધ્યાન દોરી શકાયતે હેતુસર હાફીઝ સઈદને સમર્થનવાળા ત્રાસવાદી સંગઠન ઉપર પ્રતિબંધ મુક્યો છે.

### મોંઘી બનશે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્સ્યોરન્સ પ્રિમિયમ, ઈએમઆઈ ઉપર સર્વિસ ચાર્જ સહિત ફાઈનાન્સિયલ સર્વિસ ચાર્જમાં વધુ ખર્ચ કરવા પડશે. જીએસટી વ્યવસ્થા હેઠળ ફાઈનાન્સિયલ સર્વિસ ૧૮ ટકાના સ્લેબમાં આવશે. જ્યારે હાલમાં કસ્ટમરો તેમના માટે ૧૫ ટકા સર્વિસ ટેક્સ ચુકવે છે જેથી બિલમાં ત્રણ ટકાનો વધારો થશે. દાખલા તરીકે એક કરોડના ટર્મ પ્લાન માટે વાર્ષિક પ્રિમિયમ ૨૫ હજાર છે તો જીએસટીમાં ટેક્સ બોજ વધી જશે. જે હાલમાં ૩૭૫૦ છે તે વધીને ૪૫૦૦ થશે.

### મેઘાણી એવોર્ડ... ● ત્રીજા પાનાનું ચાલુ

બળવંત જાનીની ઝવેરચંદ મેઘાણી એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી છે. ડૉ. બળવંત જાની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભાષા ભવનમાં ગુજરાતી વિભાગના પ્રાધ્યાપક હોવા સાથે વિભાગના વડા તરીકે સેવાઓ આપી ચુક્યા છે. તેઓ મધ્યકાલીન સાહિત્ય અને લોક સાહિત્યના સંશોધક હોવા સાથે મર્મજ્ઞ વિવેચક પણ રહ્યાં છે.

મેઘાણી લોક સાહિત્યના કેન્દ્રના નિયામક ડૉ. અંબાદાન રોહડિયાએ જણાવ્યા અનુસાર આ વર્ષે એવોર્ડ પસંદગી સમિતિએ કુલ નવ સાહિત્યકારોની પસંદગી કરી છે. આ નવ સાહિત્યકારોમાં દોલત ભટ્ટ સાથે ડૉ. બળવંત જાનીની પણ પસંદગી થતા સાહિત્ય સર્જકો-રસિકોમાં આનંદની લ્હેર ફરી વળી છે.

### તૈયારી વિના... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શક્યતાઓ ધરાવનાર કરવેરા સુધારા તરીકે છે પરંતુ આને કોઈપણ તૈયારી વગર અમલી કરવાનો નિર્ણય કરાયો છે જે યોગ્ય નથી. રાહુલે કહ્યું હતું કે, સરકાર આને લોકોના લાભ માટે ઓછા અને પોતાના પ્રચાર માટે વધારે ઉપયોગ કરી રહી છે. ભારતની આવી જીએસટી વ્યવસ્થાને અમલી કરવા માટે વધારે સમયની જરૂર છે. ભારતમાં એવા જીએસટીને લાગૂ કરવાની જરૂર છે જે કરોડો નાગરિકો, નાના કારોબારીઓ અને અન્યોને મુશ્કેલીમાં ન મુકે. કોંગ્રેસે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવેદનવાળા એક વિડિયોની નોંધ લીધી છે જેમાં અનેક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવીરહ્યો છે. જીએસટી પૂર્ણ તૈયારી વગર સફળ રહેશે નહીં. કોંગ્રેસે ફરીવાર મોદી ઉપર પ્રહારો કર્યા છે.

કોંગ્રેસ, તૃણમુલ કોંગ્રેસ અને ડાબેરીઓએ આજે અડધી રાતથી અમલી થનાર જીએસટી કાર્યક્રમના બહિષ્કારની જાહેરાત કરી છે. બીજી બાજુ સમાજવાદી પાર્ટીએ વિપક્ષી એકતાને ફટકો આપીને આજે અડધી રાતથી અમલી બની રહેલા જીએસટી સાથે સંબંધિત કાર્યક્રમમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો છે.

### ગાંધી ૧૦૦ ● ૪ પાનાનું ચાલુ...

હોવાના અહેસાસથી કામ કરનારની વિચારશક્તિની સાથે તેની કલ્પનાશક્તિ પણ પ્રવૃત્ત થાય છે. તેના ઓજારો વાપરવામાં સ્નાયુ વધારે ચોકસાઈ પ્રાપ્ત કરે છે અને સાથે સૌંદર્યની દૃષ્ટિ પણ વિકસે છે. આ રીતે ઝીણમાં ઝીણી બાબતને ગાંધી લક્ષમાં લઈને નાના ઉદ્યોગોનો મહિમા ગાંધી વ્યક્ત કરે છે. ગાંધી કહે છે. આવી મથામણ સાથે જોડાયેલો વ્યક્તિ કામ કરવા સાથે તેના વ્યક્તિત્વ વિકાસને પણ આગળ લઈ જઈ શકે છે. કેન્દ્રીય ઉદ્યોગમાં મજૂર માટે ઉત્પાદન એક નીરસ ક્રિયા મૂકે છે. ગાંધી કશું ય બોલ્યા વગર, કાર્લ માર્કસની 'વિમુખતાની વાતે'નો સરસ મજાનો તોડ આ રીતે રજૂ કરે છે. ગાંધીની વિરલતા કે અન્યથી નોંખાપણું આ જ છે. બહુ મોટા ગજાના અર્થશાસ્ત્રી માર્કસની થિયરીને પડકાર્યા વગર તેમણે તો સમસ્યાનું સમાધાન જ બતાવ્યું.

કુદરતે આપેલી તમામ શક્તિઓનો ઉપયોગ કરવાનો વિવેક શીખળતા ગાંધી કહે છે જયાં કશી સૂઝ વાપરવાની હોતી નથી, તેને કામ દરમિયાન માત્ર તૂટેલા તાર સાંધવાની મશીન મિકેનિઝમની કામગીરી કરવાની હોય ત્યાં માણસમાં અલગતા કે વિમુખ થવાની સ્થિતિ સર્જાય છે. જ્ઞાનતંતુઓને તાણ પહોંચાડવાની આવી કેન્દ્રીત ઉદ્યોગોની સાથે ઉત્પાદન કાર્યમાં જોડાવાની ઊભા થતા પ્રશ્નોને ઉકેલની દિશા આ રીતે બતાવે છે. કેન્દ્રીય ઉદ્યોગમાં બદલે વિકેન્દ્રિત ઉદ્યોગો મનુષ્યના સંપૂર્ણ વિકાસ માટેની સગવડો પૂરી પાડતા હોઈ ગાંધી તેની તરફેણ કરે છે.

(લેખક : સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)